# <u>મે. વડોદરાના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક. સાહેબશ્રીની કોર્ટમાં,ત્રીજી કોર્ટ, મુ. વડોદરા.</u>

**ફોજદારી કેસ નં. 57357/2025**
**આંક –**

**ફરિયાદી : શ્રી સરકાર**

**<u>વિરુધ્ધ</u>**

**આરોપી : સતીષ કમલેશભાઈ રાવલ**

**ગુન્હો : જી. પી. એકટની કલમ– ૧૧૧, ૧૨૦ મુજબ.**

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ જી.પી.એકટની કલમ–૧૧૧,૧૨૦ મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપી હાજર થઈ કબુલાત પુરસીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પોતે ગરીબ વર્ગના છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે. કાયદા પ્રત્યે માન છે. અજાણતા હાલનો ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારનુ કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનુ નિવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ તેને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી. ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે તેમ છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતા હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત, તેની સામાજીક અને આર્થિક સ્થિતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકત ધ્યાને લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો **નટવર હરચંદ વિ. સ્ટેટ નો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫** માં પ્રકાશિત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોય આરોપીની કબુલાત ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–: આખરી હુકમ :–</u>

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે જી. પી. એકટની કલમ– ૧૧૧, ૧૨૦ મુજબના સજાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂ. ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૭/૨૦૨૫
સ્થળ : વડોદરા

(એન. જે. કોઠારી)
*ઈ.ચા.* **જયુ.મેજી.ફ.ક.,થર્ડ કોર્ટ,વડોદરા**
કોડ નં. જીજે ૦૧૬૭૫

*પા.નં.*
*દંડ રૂા.*
*તા:૧૨/૦૭/૨૦૨૫*